# વિદ્યાર્થીઓની સલામતિ સરકારની પ્રાથમિક્તા : ભૂપેન્દ્રસિંહ

## રાજ્યો સાથે પરામર્શ-આકલન કરીને ધો-૯ થી ૧૨ અને કોલેજોમાં શિક્ષણ કાર્ય ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્યમાં શાળાઓ તા.૨૩મી નવેમ્બરથી શરૂ થાય ત્યારે વિદ્યાર્થીના શાળામાં આવવા અંગેની સંમતિ-મંજૂરી માતા-પિતા કે વાલી પાસેથી લેવાની બાબત ભારત સરકારની માર્ગદર્શિકા એસઓપી અનુસાર જ રાખવામાં આવી છે. આ સંદર્ભમાં શિક્ષણ મંત્રીએ કહ્યું કે, ભારત સરકારે શાળા-કોલેજો પૂર્વવત શરૂ કરતી વેળાએ વિદ્યાર્થીને શાળામાં મોકલવા અંગેની અનુમતિ તેના માતા-પિતા કે વાલી પાસેથી મેળવવા તમામ રાજ્યો માટે જારી કરેલી એસઓપીમાં જ દર્શાવેલું છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર વિદ્યાર્થીની સલામતિ-આરોગ્યરક્ષા અંગે કોઈ બાંધછોડ કરવા માંગતી નથી કે જવાબદારીમાંથી છટકવા પણ માંગતી નથી જ. સમગ્ર દેશમાં જ્યારે ભારત સરકારે શિક્ષણ સંસ્થાઓ ખોલવા માટે જાહેર કરેલી એસઓપીનો અમલ થઈ રહ્યો છે ત્યારે ગુજરાત સરકારે પણ તેને અનુસરવાનો નિર્ણય કરેલો છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે, વિદ્યાર્થીના સ્વાસ્થ્યની રક્ષા તેમજ શિક્ષણ બાબતે સરકાર, શાળા સંચાલકો, સમાજ, માતા-પિતા વાલી સૌ જવાબદાર છે. સરકાર પોતાની જવાબદારીમાંથી છટકવા માંગે છે તેવી ગેરસમજ દુર થાય તે પણ જરૂરી છે. ભૂપેન્દ્રસિંહજીએ કહ્યું કે, શાળા-કોલેજો ફરીથી કાર્યરત કરવાના નિર્ણયો ગુજરાત સિવાયના અન્ય રાજ્યોએ તો સપ્ટેમ્બર-ઓકટોબર મહિનાથી જ કરેલા છે. તેમણે જણાવ્યું કે, વિવિધ રાજ્ય સરકારોના શિક્ષણ મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે સંપર્કમાં રહીને જ ગુજરાત સરકારે યોગ્ય નિર્ણય કરેલો છે. શિક્ષણ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, દેશના અન્ય રાજ્યોએ ગુજરાતથી પહેલાં પોતપોતાના રાજ્યોમાં ધોરણ ૯ થી ૧૨ના વર્ગો ફરી શરૂ કરેલા છે. ગુજરાતે આ બધી જ બાબતોનો સર્વગ્રાહી અભ્યાસ તેમજ ગહન પરામર્શ બેઠકો બાદ વિદ્યાર્થીઓના આરોગ્ય હિતને અહેમિયત આપીને ભારત સરકારની એસઓપીના નિયમોના અનુપાલન સાથે આગામી તા.૨૩ નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

## ખૂણેખાંચરેથી

- આજે સાદરા ખાતે ધન્વતરી દિવસની ઉજવણી કરવામાં આવશે.
- સ્ટેમ્પ ડ્યુટીના નાયબ કલેક્ટર અને કલોલના ઈન્ચાર્જ પ્રાંત અધિકારી સુશ્રી વેગડા મેડમનો આજે જન્મ દિવસ હતો તેમણે ખુબ સાદગીથી તેની ઉજવણી કરી.
- જિલ્લાઓમાં ૨૩-૧૧-૨૦ થી ૩૦-૧૧-૨૦ સુધી પ્રા. શિક્ષકો અને વિદ્યા સહાયકોની વધ-ઘટની બદલીના કેમ્પોનું આયોજન કરવા શિક્ષણ વિભાગે સૂચના આપી છે.
- દિપાવલી પછી માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલી જગ્યાઓ પર નિયુક્તી પત્રો ૧૯મી નવેમ્બરના રોજ એક સમારોહ યોજી આપવામાં આવશે.
- રાજપૂત સેવા-સમાજના પ્રમુખ તરીકે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાની નિયુક્તી કરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં ટેકાના ભાવે મગફળી વેચનારા ૬૬ ખેડૂતોને નાણાં આજ સુધીમાં ચુકવાઈ ગયા છે.

# સિવિલના પ્રેવશદ્વારા પર પાણીના ખાબોચીયા કયારે દુર થશે

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર સિવિલમાં શિયાળાની કડકડતી ઠંડીમાં પણ ચોમાસાની સિઝન જેવું લાગી રહ્યું છે. કોવીડ એન્ટ્રી તરફના પ્રવેશદ્વાર પર છેલ્લા ઘણા સમયથી પાણી ભરાયેલુ જોવા મળે છે. જયારે આ પાણી નવી બિલ્ડીંગની પાઈપમાંથી સતત વહેતુ રહે છે. જયારે આ વહી રહેલા પાણીનો બગાડ ક્યારે અટકશે તે કહેવુ મુશ્કેલ છે.



મળતી વિગત મુજબ પાણી બચાવો ના સ્લોગન માત્ર કાગડીયા પર હોય તેમ લાગી રહ્યું છે. છેવાડાના ગામમાં પાણીની તંગી હોય છે. મહિલાઓને પીવા માટે પાણી લેવા માટે દુર દુર સુધી ચાલીને જવુ પડે છે. ત્યારે પાટનગરમાં સરળતાથી પાણી મળી રહેતુ હોવાથી પાણીની કિંમત નથી સમજાતી, ગાંધીનગર સિવિલમાં છેલ્લા કેટલાક સમયથી આઠમાળની બિલ્ડીંગમાંથી ઓવરફલો લાઈનમાંથી પાણીનો ધોધ સતત વહ્યા કરે છે. આ પાણીનો રેલો રોડ સુધી જાય છે અને ત્યાં ખાબોચીયા ભરાય છે. છેલ્લા કેટલાક સમયથી આ સમસ્યા હોવા છતા સિવિલના તંત્ર દ્વારા આ તરફ રાઉન્ડ લીધો ના હોય તેમ લાગી રહ્યું છે. સિવિલમાં પ્રેવશદ્રાર પાસે અત્યારે હાલના સમયે પણ ચોમાસા જેવી સ્થિતિ ઉભી થવા પામી છે. સિવિલના વેડફાટ થતા પાણી અંગે કોઈની નજર પણ પડી નથી. ત્યારે આ પાણી સત્વરે બંધ થાય તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

# ૧૦ હજાર ફેસ્ટિવલ એડવાન્સ તરીકે વગર વ્યાજે આપવા નિર્ણય

## પાંચ લાખથી વધારે કર્મચારીઓને દિવાળી ભેટ : ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વધુ પ્રોત્સાહિત કરવા માટે એડવાન્સ રકમ કર્મચારીઓને રૂપે કાર્ડના સ્વરૂપમાં આપવામાં આવશે

ગાંધીનગર,તા.૧૨

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્ય સરકારના પાંચ લાખથી વધુ અધિકારી-કર્મચારીઓને દિવાળીની ભેટ આપી છે. જે પ્રમાણે રાજ્ય સરકારમાં સેવારત તમામ અધિકારી કર્મચારીઓને દીપાવલી નૂતન વર્ષ તહેવારોના અવસરે ૧૦ હજાર રૂપિયા ફેસ્ટિવલ એડવાન્સ તરીકે વગર વ્યાજે આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જોકે, ડિજિટલ ટ્રાન્ઝેકશનને વધુ પ્રોત્સાહિત કરવા માટે આ એડવાન્સ રકમ અધિકારીઓ તેમજ કર્મચારીઓને રૂપે કાર્ડના સ્વરૂપમાં આપવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા આ એડવાન્સની રકમ વગર વ્યાજે ૧૦ માસિક સરખા હપ્તામાં પરત લેવામાં આવશે. એવો દાવો કરવામાં આવ્યો છે કે મુખ્યમંત્રીના આ ઉદાત નિર્ણયને પરિણામે દીપાવલીના તહેવારોમાં લોકોને ચીજ વસ્તુઓની ખરીદીમાં સુગમતા રહેશે. જેના પરિણામે નાના વેપારીઓને વ્યવસાય રોજગારને વેગ મળશે. એટલું જ નહીં, પ્રવર્તમાન સ્થિતિમાં દેશ તથા રાજ્યના અર્થતંત્રને પણ નવી ગતિ મળશે. છઠ્ઠી નવેમ્બરના રોજ રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને દિવાળીની ભેટ આપવાની જાહેરાત કરી હતી. જેમાં રાજ્ય સરકાર વતી નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે રાજ્ય સરકારે વર્ગ-૪ના કર્મચારીને ૩,૫૦૦ રૂપિયાની મર્યાદામાં બોનસ આપવાની જાહેરાત કરી હતી. આ મામલે નિતીન પટેલ જણાવ્યું હતું કે, 'આનો લાભ રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોના કર્મચારીઓ, બિન-સરકારી શાળાઓ અને કોલેજોના કર્મચારીઓ તથા ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના વર્ગ-૪ ના કુલ ૩૦,૯૬૦ કર્મચારીઓને લાભ મળશે. ઉલ્લેખનીય છે કે ગત મહિના કેન્દ્રીય નાણા મંત્રીએ દેશની અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે માંગ વધારવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. નાણા મંત્રીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સરકારી કર્મચારીઓ માટે એક ખાસ સ્કીમ શરૂ કરવામાં આવી છે. જેનાથી સરકારી કર્મચારીઓને એડવાન્સમાં રૂપિયા ૧૦ હજાર મળી શકશે. આનો ફાયદો કેન્દ્રીય કર્મચારીઓને મળશે. આ પ્રસંગે નાણા મંત્રીએ જણાવ્યું કે કેન્દ્રીય કર્મચારીઓ આ સ્કીમને લાભ લઈ શકશે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર આ પ્રસ્તાવ સ્વીકાર કરશે તો તેના કર્મચારીઓ પણ આ લાભ લઈ શકશે. નાણા મંત્રીએ જણાવ્યું કે આ સ્કીમનો લાભ લેવા માટે કર્મચારીને પ્રી-પેડ કાર્ડ મળશે. એટલે કે તેમાં પહેલાથી જ રિચાર્જ હશે. જેમાં ૧૦ હજાર રૂપિયા મળશે.

# પિલવાઈ મહુડી માર્ગના વાઈડનીંગનુ દિવાળી બાદ કામ હાથ ધરાશે

## માણસા મકાખાડ ૩.૫ કીમી માર્ગની પણ સુધારણા કરાશે : ટ્રાફિકની અવરજવર સરળ બનશે

ગાંધીનગર તા ૧૨

કોરોના કાળમાં વરસાદી દિવસોના અંતે શહેર અને જિલ્લામાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ શહેરમાં પણ ઉભા અને આડા માર્ગોનુ કામ હાથ ધરાયુ છે. જયારે જિલ્લામાં પણ માર્ગ વાઈડનીંગના કામો શરૂ કરી દેવાયા છે. પિલવાઈ મહુડી અને માણસા મકાખાડ માર્ગનુ વાઈડનીંગનુ કામ હાથ ધરવામાં આવશે. આ માર્ગને ૭.૫ માંથી ૮.૫ મીટર પહોળો કરવામાં આવશે.

કોરોનાના કાળમાં વરસાદી દિવસોના અંતે શહેરની સાથે જિલ્લાના અન્ય માર્ગોનુ પણ નવિનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. શહેર અને જિલ્લામાં તબકકાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં માર્ગોના પેવરકામ ઉપરાંત વાઈડનીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. માણસા મકાખાડ માર્ગની સુધારણાનુ કામ પણ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. જેને અનુલક્ષીને આ માર્ગ ને ૫.૫૦ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરાશે. આ કાર્યયોજનાને અનુલક્ષીને હાલ ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. અંદાજિત ૩.૫ કી મી ના આ માર્ગનુ વાઈડનીંગ કરાશે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧.૮૪ કરોડનો ખર્ચ કરાશે. દિવાળી બાદ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ



ઉપરાંત પિલવાઈ મહુડી માર્ગને અનુલક્ષીને પણ વાઈડનીંગ કરાશે. આ માર્ગ પર પણ છેલ્લા ઘણાં સમયથી ટ્રાફિકની અવરજવર વધી છે. જયારે આ સાંકડા માર્ગ પર રોડ સેફટીને અનુલક્ષીને પણ પ્રશ્નો મંડરાયા છે.

આ જોખમી સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા પિલવાઈ મહુડી માર્ગના વાઈડનીંગનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. જયારે આ ૪.૫ કી મીના માર્ગને ૭.૫ મીટરમાંથી ૮.૫ મીટર સુધી પહોળો કરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯ કરોડનો ખર્ચ થશે. આ કાર્યયોજનાને અનુલક્ષી ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. જયારે દિવાળી બાદ માર્ગ વાઈડનીંગનુ કામ હાથ ધરવામાં આવશે. માણસા મકાખાડ તેમજ પેથાપુર પિલવાઈ મહુડી માર્ગનુ વાઈડનીંગ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાતા આ રૂટમાં ટ્રાફિકની અવરજવર વધુ સરળ બનશે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ કેસ

## સારવાર દરમિયાન દહેગામની મહિલાનું મોત : ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૩, માણસામાં ૧ અને કલોલમાં ૪ કેસ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૬ કેસ મળી આવ્યા છે. જોકે રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારમાં ૨૮ કેસ બતાવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. આજે પણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓ પૈકી એક મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે.

દહેગામ તાલુકાની ૫૫ વર્ષીય મહિલાનું સારવાર દરમ્યાન મોત નીપજયુ છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા ડેથરેટ અંગે તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં મોટી વાયના લોકો અને મહિલાઓ સંક્રમિત થઈ રહી હોવાથી તંત્રની ચિંતા ઘેરી બની છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારમાં પણ હોમ આઈસોલેસનનો વિકલ્પ દર્દીઓ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરીનું ભારણ વધી જવા પામ્યુ છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૧૬ કેસમાં ગાંધીનગરમાંથી ૮, દહેગામમાંથી ૩, માણસામાંથી ૧, કલોલમાંથી ૪ કેસ મળી આવેલ છે. આજે પણ ૭ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

મોટા ચિલોડા ગામેથી ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. અડાલજ ગામેથી ૪૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ભાટ ગામેથી આજે બે કેસ મળી આવેલ છે. ભાટમાંથી ૩૨ વર્ષીય પુરૂષ અને ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

કુડાસણ ગામેથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૪૩ વર્ષીય ગૃહીણી અને ૪૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. રાંદેસણ ગામેથી ૧૫ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ઉવારસદ ગામેથી ૨૬ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. દહેગામ તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં ૧ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૨ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

રખિયાલ ગામેથી ૬૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટી આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી ૭૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત અર્બન વિસ્તારમાં રહેતા ૬૯ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. માણસા તાલુકાના બદપુરા ગામેથી ૭૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યા છે.

સોજા ગામેથી આજે બે કેસ મળી આવેલ છે. ૭૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. ૩૫ વર્ષીય મજૂરી કામ કરતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. અર્બન-૧ વિસ્તારમાંથી ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અર્બન-૨ વિસ્તારમાંથી ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

જિલ્લાતંત્રએરિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં કહ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૫૪૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૧૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે ૧૨,૬૫૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

# મહિન્દ્રાએ ગુજરાતમાં ક્રિશ-ઈ કેન્દ્રો શરૂ કર્યા

૧૯.૪ અબજ ડોલરના મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના ફાર્મ ઈક્વિપમેન્ટ સેક્ટર (એફઈએસ)એ આજે મહિન્દ્રાની નવી 'ફાર્મિંગ એઝ એ સર્વિસ' બિઝનેસના ભાગરૂપે ગુજરાતમાં અમરેલી, ગાંધીનગર, જામનગર અને જૂનાગઢમાં ક્રિશ-ઈ કેન્દ્રો શરૂ કર્યા છે. 'એક્સપર્ટ તકનીક, નવા ઉપાય, પરિણામ દેખાડે' ટેગલાઈન સાથે ક્રિશ-ઈ એક બિઝનેસ વર્ટિકલ છે, જે ટેકનોલોજી સંચાલિત સેવાઓ પ્રદાન કરે છે. આ ખેડૂતો માટે પ્રગતિશીલ, વ્યાજબી અને સુલભ છે. ક્રિશ-ઈનો ઉદ્દેશ પાકના સંપૂર્ણ ચક્રમાં ડિજિટલ માધ્યમોથી સંચાલિત સેવાઓ દ્વારા ખેડૂતોની આવક વધારવાનો છે.

એમાં એગ્રોનોમી એડવાઈઝરી, અદ્યતન કૃષિ ઉપકરણ ભાડાં પર આપવાની સુવિધા તથા ખેતીવાડી સાથે સંબંધિત અત્યાધુનિક સચોટ સોલ્યુશનો શામેલ છે, જે તમામ ખેતીવાડીનો સંપૂર્ણ ખર્ચ ઘટાડવા અને પાકની ઉત્પાદકતા વધારવા તથા પરિણામે ખેડૂતની આવક વધારવા પર કેન્દ્રિત છે.

# ગલુદણ પાટીયા પાસે મારૂતિ વાનની ટક્કરે આધેડનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

દહેગામના ગલુદણ પાટીયા પાસે રીક્ષામાંથી નીચે ઉતરેલા મુસાફરને દહેગામથી આવી રહેલી મારૂતિ વાને ટક્કર મારતા આધેડને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયાં ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે મૃતકના ભત્રીજાએ ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વાન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગલુદણ પાટીયા પાસે મારૂતિવાનની ટક્કરે અમદાવાદના દસક્રોઈના પરઢોલના વ્યકિતનું મૃત્યુ થયુ હતું. બપોરના ત્રણ વાગ્યાના સુમારે તેના પર માસા મહેશભાઈ સુરપાલભાઈ નાયકાના નંબર પરથી ફોન આવ્યો હતો.

જેમાં કોઈ અજાણી મહિલાએ ફોનવાળા ભાઈને અકસ્માત થયો હોવાનું જણાવ્યું હતું. જેથી ફરીયાદી પોતાની માતા સાથે તાત્કાલીક ગલુદણ પાટીયા ખાતે પહોંચ્યા હતા. ત્યાં ફરીયાદીને જાણવા મળ્યું હતુ કે તેના માસા રીક્ષામાંથી નીચે ઉતર્યા તે સમયે દહેગામ તરફથી આવી રહેલી મારૂતિવાન નં.જી.જે.૦૧.આર.એ.૫૩૨૧ નંબરની ઓમની વાને તેમને ટક્કર મારી હતી.અકસ્માત સર્જાતા સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા અને ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડ્યા હતા.

જેથી ફરીયાદી તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખાતે પહોંચ્યા ત્યારે તેઓને જાણવા મળ્યું કે ફરજ પરના તબિબે પોણા પાંચ વાગ્યાના સુમારે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતમાં મહેશભાઈને માથા, બંન્ને કાન અને ડાબી આંખની ભ્રમર અને ડાબા હાથે ઈજાઓને પગલે તેમનું મૃત્યુ નિપજયુ હતુ. ડભોડા પોલીસ મથકે મૃતકના ભત્રીજાએ ઓમની ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય
કૃષિ ભવન,સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
ઝેરોક્ષ તેમજ સ્પાઈરલ બાઈન્ડીંગની કામગીરીના ભાવ કરાર બાબત
ખેતી નિયામકશ્રી, ગુ.રા., કૃષિ ભવન, ગાંધીનગરની કચેરીની ઝેરોક્ષની કામગીરી માટે કચેરી ખાતે ઝેરોક્ષ મશીન મુકીને ગાંધીનગર સ્થાનિક ઝેરોક્ષ કામગીરી કરતી પાર્ટીઓ પાસેથી વાર્ષિક ધોરણે પ્રતિ કોપીના દરથી કોપીવાઈઝ ઝેરોક્ષ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) ટેન્ડર ફી ઉપરોક્ત કચેરીની નાણાં શાખામાં રોકડા ભર્યેથી તા. ૩૦/૧૧/૨૦૨૦, સુધીમાં ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક સદરમિયાન કોરા ટેન્ડર ફોર્મ મળી શકશે. ટેન્ડર ફોર્મ પરત સ્વીકારવાની છેલ્લી તારીખ : ૫/૧૨/૨૦૨૦ સાંજે ૧૮.૦૦ કલાક સુધી રહેશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર 'ઝેરોક્ષ તેમજ સ્પાઈરલ બાઈન્ડીંગની કામગીરીના ભાવ કરાર માટેનું ટેન્ડર' એમ અવશ્ય લખવાનું રહેશે.
સહી/-
ખેતી નિયામક
ગુ.રા., ગાંધીનગર
માહિતી/૧૨૮૪/૨૦-૨૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮